સ્ત્રીઓ,આર્થિક રીતે પછાત વર્ગ અને
વિકલાંગ વિધ્યાર્થીઓને ટ્યુશન ફીમાંથી
મુક્તિ આપવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:પવશ-૧૦૨૦૦૭- ૧૬૫૫ -સ
સચિવાલય, ગાંધીનગર.
તા.૯-૭-૨૦૦૭

વંચાણમાં લીધા :-

(૧) ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હીના તા. ૯-૪-૨૦૦૭ની ગાઇડલાઇન નં ૩૭-૦૩-લીગલ-૨૦૦૭

(૨) શિક્ષણ વિભાગના તા. ૧૦-૫-૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પવશ-૧૦૨૦૦૭-૧૮૫-સ.

(૩) શિક્ષણ વિભાગન તા.૨૯-૫-૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પવશ-૧૦૨૦૦૭-૧૦૯૪-સ

(૪) ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૮-૬-૨૦૦૭ના પત્ર ક્રમાંક:પ્રવેશ/૧૦૨૦૦૭/ક(૨)૨૩૭૮૪.

ઠરાવ:-

આમુખ (૧)માં દર્શાવેલ ઓલ ઇન્ડિયા કાઉંસિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન ,નવી દિલ્હીના તા.૯-૪-૨૦૦૭ ની ગાઇડ લાઇનથી એ.આઇ.સી. ટી. ઇ. દ્વારા માન્ય ટેકનિકલ સંસ્થાઓમાં વિધ્યાશાખાવાર મંજુર થયેલ બેઠકોના ૧૦ % ની મર્યાદામાં સંખ્યાધિક બેઠકો સ્ત્રીઓ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિકલાંગ ઉમેદવારો માટે ૨.૩.૧ ના પ્રમાણમાં મેરિટના ધોરણે ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવાની આ યોજના અમલમાં મૂકી છે.

આમુખ ક્રમાંક(૨) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. ૧૦-૫-૨૦૦૭ના ઠરાવથી ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ઇજનેરી ડીગ્રી તથા ફાર્મસી ડીગ્રી અને ફાર્મસી ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટેના નિયમો તથા આમુખ (૩) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૯-૫-૨૦૦૭ના ઠરાવથી ધો-૧૦ પછીના પૂર્ણ સમય અને અપ્રત્યક્ષ અદયયન પધ્ધતિ હેઠળના ઇજનેરી ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવા અંગેના નિયમો રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા છે.તેમાં ઉકત બંને ઠરાવના નિયમ-૯ માં સંખ્યાધિક બેઠકો ભરવા માટેની જોગવાઇ કરવામાં આવેલ છે.

આ બાબતમાં સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનની અમલમાં મૂકેલી ઉકત યોજનાનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ થી સ્ત્રીઓ, આર્થિક રીતે પછાતવર્ગ અને વિકલાંગ ઉમેદવારો માટે ૨.૩.૧ ના પ્રમાણમાં મેરિટના ધોરણે ટ્યુશન ફીમાંથી મુકિત આપવાની આ યોજનાને નીચે મુજબ ની જોગવાઇઓને આધિન અમલવારી કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ યોજનાનો હેતુ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરીંગ ટેકનોલોજી, ફાર્મસી,આર્કિટેકચર ,એપ્લાઇડ આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ અને ઉકત વિધ્યાશાખાઓમાં ડિપ્લોમા અભ્યાસક્રમ હેઠળ અભ્યાસ કરતા મેરિટના ધોરણે અગ્રતા ધરાવતા સ્ત્રીઓ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિકલાંગ ઉમેદવારોને ટ્યુશન ફીમાંથી મુકિત આપવાનો છે.

(૨) આ યોજના નીચે જણાવેલ અભ્યાસક્રમો ચલાવતી એ.આઇ.સી.ટી. ઇ. એ માન્ય કરેલ સર્વે સંસ્થાઓના વિધાર્થીઓને લાગુ પડશે.

(અ) એન્જીનીયરીંગ,ફાર્મસી,એચ.એમ.સી.ટી. ,આર્કિટેકચર અને એપ્લાઇડ આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સના ડીગ્રી અભ્યાસક્રમો.

(બ) બધીજ શાખાઓમાં ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ.

(૩) આ યોજના અંતર્ગત માત્ર ટ્યુશન ફીમાંથી મુકિત મળવાપાત્ર રહેશે.

(૪) યોજનાનો અમલ:_

- આ યોજના હેઠળ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો માટેની સંયુકત પ્રવેશ સમિતિ (ટેકનિકલ ) /કેન્દ્રીય ડિપ્લોમા પ્રવેશ સમિતિ સક્ષમ સત્તાધિકારી તરીકે રહેશે.સંસ્થાઓની મંજુર થયેલ વિધ્યાશાખા વાર બેઠકોના '૧૦% બેઠકો સુધીના વિધ્યાર્થીઓને ટ્યુશન ફીમાંથી મુકિત આપવાની રહેશે. અભ્યાસક્રમની સબંધિત શાખા માટે મંજુર થયેલ ૬૦ ની બેઠકો માટે ૨ સ્ત્રી ઉમેદવાર,૩ આર્થિક રીતે પછાત વિધ્યાર્થીઓ (જેમના માતા-પિતા / વાલીની બધા સાધનોમાંથી વાર્ષિક આવક રુ.૨.૫૦ લાખથી ઓછી હોય) અને ૧ વિકલાંગ વિધ્યાર્થીને મેરિટના ધોરણે ટ્યુશન ફી માંથી મુકિત આપવાની રહેશે.ઉપર જણાવ્યા મુજબની કેટેગરીમાં જો વિધાર્થી ઉપલબ્ધ ન થાય તો તેવા પ્રસંગે ટ્યુશન ફીમાંથી મુકિત આપવાનો લાભ મેરિટના ધોરણે ઉપર જણાવેલ બીજી કેટેગરીના વિધાર્થીને આપવામાં આવશે. તે અંગેનો સંયુકત પ્રવેશ સમિતિ/કેન્દ્રીય ડિપ્લોમા પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

સંસ્થાઓ તેની મંજુર થયેલ બેઠકોના ૧૦% ની મર્યાદામાં અથવા સંસ્થા ખરેખર ટ્યુશન ફીમાંથી મુકિત આપવા માંગતી હોય તે બંનેમાંથી જે ઓછી હોય તેટલી બેઠકો પર સંખ્યાધિક બેઠકો તરીકે પ્રવેશ આપવાનો રહેશે.

૧. એ.આઇ.સી.ટી.ઇ. દ્વારા માન્ય થયેલ સંસ્થાઓએ ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવાના વિધ્યાર્થીઓની સંખ્યાની વિધ્યાશાખા વાર માહિતી સંયુકત પ્રવેશ સમિતિ/કેન્દ્રીય પ્રવેશ સમિતિને આપવાની રહેશે અને આવા વિધ્યાર્થીઓ પાસેથી અભ્યાસક્રમના સમયગાળા દરમ્યાન ટ્યુશન ફી લેશે નહીં તેવી સંસ્થાઓએ બાંહેધરી સંયુકત પ્રવેશ સમિતિ/ કેન્દ્રીય ડિપ્લોમા પ્રવેશ સમિતિને આપવાની રહેશે.

૨. સબંધિત યુનિવર્સિટીએ સંસ્થાની વિધ્યાશાખા વાર મંજુર થયેલ બેઠકોના વધારેમાં વધારે ૧૦ % જેટલી બેઠકોની મર્યાદામાં આ યોજના અંતર્ગત ટ્યુશન ફીમાંથી મુક્તિ મેળવનાર વિધ્યાર્થીઓને એનરોલમેંટ માટે મંજુરી આપવાની રહેશે.

૩. સંયુક્ત પ્રવેશ સમિતિ /કેન્દ્રીય ડિપ્લોમા પ્રવેશ સમિતિ દ્વારા રેગ્યુલર ધોરણે જે પ્રવેશ આપવામાં આવે છે તેજ રીતે આ વધારાની બેઠકો પર પ્રવેશ આપવાનો રહેશે. આ રીતે પ્રવેશ આપેલ વિધ્યાર્થીઓની માહિતી સંસ્થાએ તેના નોટિસ બોર્ડ/ વેબસાઇટ પર જાહેર કરવાની રહેશે.

૪. સંયુકત પ્રવેશ સમિતિ/કેન્દ્રીય ડિપ્લોમા પ્રવેશ સમિતિએ આ યોજનાનો લાભ લેવા માંગતી સંસ્થાઓની વિગતો વિધાર્થીઓને ઉપલબ્ધ થઇ શકે તે રીતે પ્રસિધ્ધ કરવાની રહેશે તથા પ્રવેશપાત્રતા ધરાવતા ઉમેદવારોને મેરિટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે.

૫. આ યોજનાનો લાભ મેળવનાર વિધ્યાર્થીઓને લગતી સઘળી માહિતી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એ.આઇ.સી.ટી.ઇ.,સબંધિત યુનિવર્સિટી તથા રાજ્ય સરકારને પુરી પાડવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(લલિત વ્યાસ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ